# આસપાસ ચોપાસ



## રમતગમત અને સંસ્કૃતિ

ગામમાં ક્રિકેટ ગ્રાઉન્ડ આવેલું છે. જ્યાં મેચોનું ભવ્ય આયોજન થાય છે. આજના મોબાઈલ યુગમાં પણ ગામના યુવાનો પરંપરાગત 'ગદી દાવ' (લખોટા-લખોટી) રમતા જોવા મળે છે, જે ગ્રામીણ વારસાનું ગૌરવ છે.



## ધર્મ, ભક્તિ અને લોકસેવાનો ત્રિવેણી સંગમ એટલે કંસાલીના મહંત બચુદાસ મહારાજ



કંસાલી ગામમાં ધાર્મિક સંસ્કારો અને સામાજિક એકતાને મજબૂત કરવામાં મહંત બચુદાસ મહારાજનો સિંહફાળો રહ્યો છે. વર્ષ-૨૦૦૧થી ગાયત્રી પરિવાર સાથે જોડાયેલા અને ૨૦૧૦માં ગુરુપદવી ધારણ કરનાર મહંત સતત ૨૫ વર્ષથી માનવ સેવા એ જ પ્રભુ સેવાના મંત્ર સાથે કાર્યરત છે. તેમણે ગામમાં આધ્યાત્મિક વાતાવરણ જાળવવા 'ગાયત્રી મંડળ'ની સ્થાપના કરી છે, જેના માધ્યમથી આજ સુધી ૪૧૨થી વધુ શિષ્ય સન્માર્ગે જોડાયા છે. ગાયત્રી જયંતી, ગુરુપૂર્ણિમા, નવરાત્રિ અને ગણેશ ચતુર્થી જેવા ઉત્સવો તેમના માર્ગદર્શન હેઠળ એકતાના પર્વ તરીકે ઉજવાય છે. ધર્મ અને નિ:સ્વાર્થ સેવા દ્વારા તેઓ સમગ્ર વિસ્તારમાં શ્રદ્ધાનું કેન્દ્ર બન્યા છે. વર્ષ-૨૦૦૧થી આજદિન સુધી તેઓ સતત ગ્રામ પંચાયતના સભ્ય તરીકે લોકસેવા આપી રહ્યા છે. વર્ષ-૨૦૦૧થી ૨૦૨૧ સુધીના લાંબા સમયગાળા દરમિયાન તેઓએ કંસાલી ગામના ઉપસરપંચ તરીકેની જવાબદારી અત્યંત કુશળતા અને નિષ્ઠાથી નિભાવી હતી. ગામના રસ્તા, પીવાના પાણીની સુવિધા, લાઈટ અને સામાજિક સામંજસ્ય જાળવવામાં તેઓ હંમેશાં અગ્રેસર રહ્યા છે. ગ્રામ વિકાસનાં તમામ કાર્યોમાં કોઈ પણ સ્વાર્થ વગર આગળ વધીને લોકહિતનાં કામો કરવા તે તેમની સહજ શૈલી છે. આજે કંસાલી ગામનું ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક ગૌરવ મહંત બચુદાસ મહારાજના નામે ઓળખાય છે. ધર્મ અને લોકસેવાનો આવો દુર્લભ સમન્વય આસપાસના સમગ્ર વિસ્તાર માટે એક મિશાલ સમાન છે. કંસાલી ગામ મહારાજની સેવાઓ બદલ સદૈવ ઋણી અને ગૌરવાન્વિત અનુભવે છે.




## સુપ્રસિદ્ધ જલેબીવાલા હનુમાન મંદિર કંસાલીથી ૧૫થી ૨૦ કિ.મી.ના અંતરે આવેલું છે

કંસાલી ગામથી માંગરોળ સીમમાં આવેલું જલેબીવાળા હનુમાનજી મંદિરનું રોડ માર્ગે અંતર આશરે ૧૫થી ૨૦ કિલોમીટર છે. જ્યાં પહોંચતાં અંદાજે ૨૫થી ૩૦ મિનિટનો સમય લાગે છે. સુપ્રસિદ્ધ જલેબીવાળા હનુમાન દાદાનું મંદિર ભારે આસ્થાનું કેન્દ્ર બન્યું છે. શ્રાવણ માસ દરમિયાન અહીં ભક્તોનું ઘોડાપૂર ઊમટે છે. આ મંદિરનો ઈતિહાસ ખૂબ જ રસપ્રદ છે. હિરેનભાઈ કાંતિલાલ પાઠકના પૂર્વજોને નાની પારડીમાં સ્વયંભૂ મૂર્તિ પ્રગટ થવાની સ્વપ્નમાં પ્રેરણા મળી હતી. દાદાની આજ્ઞા મુજબ ગામ બહાર માંગરોળની સીમમાં લીમડાના વૃક્ષ નીચે તેમની સ્થાપના કરાઈ હતી. ૧૯૯૦માં હિરેનભાઈ અને સ્વ.જૈમિનભાઈ પટેલે મંદિરની છત બનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વારંવાર છત તૂટી જતાં દાદાએ શનિ શિંગણાપુરની જેમ ખુલ્લામાં જ રહેવાનો સંકેત આપ્યો હતો. અહીં દાદાને જલેબીનો ભોગ ધરાવવાની પરંપરાથી તેમનું નામ 'જલેબીવાળા હનુમાન' પડ્યું. વિદેશ જવા ઈચ્છુક ભક્તો પાસપોર્ટ લઈને આવતા હોવાથી તેઓ 'વિઝા વાળા હનુમાન' તરીકે પણ જાણીતા છે. દર શનિવારે ભજન સંધ્યા અને મહાપ્રસાદનું આયોજન થાય છે.







## કુલ ૬૨૮ની વસતીમાં સ્ત્રીઓનું પ્રમાણ વધુ

કંસાલી ગામના સર્વાંગી વિકાસ અને ગ્રામજનોને યોગ્ય સુવિધાઓ મળી રહે તે હેતુથી હાથ ધરાયેલા વસતી ગણતરીના આંકડા સામે આવ્યા છે. આંકડાકીય માહિતી અનુસાર ગામની કુલ વસતી ૬૨૮ નોંધાઈ છે. આ ડેટા ગામના ભવિષ્યના વિકાસ માટે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવશે. ગામમાં પુરુષોની સંખ્યા ૩૦૪ છે, જ્યારે સ્ત્રીઓની સંખ્યા ૩૨૪ નોંધાઈ છે. પુરુષોની સરખામણીએ સ્ત્રીઓની સંખ્યા વધુ હોવાથી ગામમાં એક અત્યંત સકારાત્મક અને પ્રેરણાદાયી સામાજિક ચિત્ર ઉપસી આવે છે. સ્ત્રી-પુરુષ પ્રમાણમાં સ્ત્રીઓની વધુ સંખ્યા ગ્રામીણ વિસ્તારમાં મહિલા સશક્તિકરણ અને જાગરૂકતા દર્શાવે છે. આ ચોક્કસ આંકડાકીય ડેટાના આધારે ગામના સરપંચ અને ગ્રામ પંચાયત દ્વારા ગામના દરેક ક્ષેત્રના સુચારું આયોજનની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શિક્ષણ, આરોગ્ય અને બુનિયાદી માળખાકીય સુવિધાઓનું વસતીની જરૂરિયાત મુજબ વધુ સારી રીતે આયોજન કરવામાં આવશે. ખાસ કરીને મહિલાઓ અને બાળકો માટે આરોગ્ય વિષયક સેવાઓ તથા શિક્ષણનું સ્તર વધુ મજબૂત કરવા માટે આ આંકડા મદદરૂપ સાબિત થશે. સ્થાનિક સરપંચના જણાવ્યા મુજબ વસતીના આ સ્પષ્ટ આંકડા મળવાથી સરકારી યોજનાઓનો લાભ દરેક જરૂરિયાતમંદ નાગરિક સુધી પહોંચાડવામાં અને ગામને મોડેલ વિલેજ બનાવવા તરફ આગળ વધવામાં સફળતા મળશે.



કૈલાસભાઈ ગામીત
ઉપસરપંચ



નીતાબેન ગામીત
સભ્ય



પુષ્પાબેન ગામીત
સભ્ય



મીનાબેન ગામીત
સભ્ય



હિતેશ ગામીત
સભ્ય



## કંસાલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં દૈનિક ૩૭૦ લિટર દૂધનું એકત્રીકરણ

માંગરોળના કંસાલી ગામે આવેલી કંસાલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. વિસ્તારના પશુપાલકો માટે આર્થિક સમૃદ્ધિનું માધ્યમ બની રહી છે. આ મંડળીની સ્થાપના ૧૯ માર્ચ-૧૯૮૨ના રોજ વાડીલાલ ભૂખડિયાભાઈ દ્વારા કરવામાં આવી હતી. ગુજરાત સહકારી મંડળીઓના કાયદા-૧૯૬૧ની કલમ-૯ મુજબ નોંધણી મેળવીને શરૂ થયેલી આ મંડળી આજે પશુપાલકોના વિકાસમાં અગત્યનું યોગદાન આપી રહી છે. વર્તમાન સમયમાં મંડળીના પ્રમુખ બચુભાઈ રવિયાભાઈ ગામીતના સક્ષમ નેતૃત્વ અને સંચાલન હેઠળ મંડળી પ્રગતિના પંથે આગળ વધી રહી છે. મંડળીમાં હાલ દૈનિક ૩૭૦ લિટર જેટલું દૂધ એકત્રિત કરવામાં આવે છે, જેનાથી સ્થાનિક પશુપાલકોને પોતાના દૂધના યોગ્ય ભાવ મળી રહ્યા છે અને તેમનું જીવનધોરણ સુધરી રહ્યું છે. ગામના પશુપાલકોના સહયોગ અને મંડળીના ઉત્સાહી સંચાલનને કારણે કણસાલી દૂધમંડળી વિસ્તારમાં સહકારી ક્ષેત્રે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહી છે.








## કેવી રીતે બાળકો ભણે? પાયાની સુવિધાઓના અભાવે દમ તોડતું શિક્ષણ

કંસાલી પ્રાથમિક શાળામાં માત્ર 21 વિદ્યાર્થી અને જર્જરિત ઓરડા વચ્ચે અભ્યાસ છેવાડાના ગ્રામ્ય વિસ્તારો સુધી શિક્ષણનો પ્રકાશ પહોંચાડવાના સરકારના મોટા-મોટા દાવાઓ વચ્ચે વાસ્તવિકતા કંઈક જુદી જ ચિત્ર ઉપસાવે છે. વર્ષ-1959માં સ્થાપિત થયેલી કંસાલી પ્રાથમિક શાળા આજે અનેક પડકારો અને સુવિધાઓના અભાવ વચ્ચે ચાલી રહી છે. 17 જૂન-1959ના રોજ સ્થપાયેલી આ શાળા પોતાના ૬ દાયકા કરતાં પણ વધુ સમયના ઈતિહાસ બાદ પણ વિકાસથી વંચિત હોય તેમ જણાય છે. શાળામાં હાલમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ચિંતાજનક રીતે ઘટીને માત્ર 21 થઈ ગઈ છે, જેમાં 9 કુમાર અને 12 કન્યા અભ્યાસ કરે છે. આટલી ઓછી સંખ્યા પાછળનું મુખ્ય કારણ શાળામાં ભૌતિક સુવિધાઓનો કથળતો ગ્રાફ માનવામાં આવે છે. શાળામાં બાળકોને ભણાવવા માટે માત્ર 2 શિક્ષકની જ નિમણૂક કરવામાં આવી છે, જેમના માથે તમામ ધોરણોના શિક્ષણની જવાબદારી છે. શાળાના ભૌતિક માળખાની વાત કરીએ તો અહીં કુલ 3 ઓરડા (રૂમ) આવેલા છે. જેમાંથી 2 રૂમ પતરાંવાળા છે, જે ઉનાળામાં ભારે ગરમી અને ચોમાસામાં વરસાદી અવાજ તથા ભેજની સમસ્યા ઊભી કરે છે, જ્યારે માત્ર 1 રૂમ ધાબાવાળો છે. મૂળભૂત સ્વચ્છતા અને પ્રાથમિક જરૂરિયાતો માટે શાળા પાસે 2 ટોઈલેટ અને 2 મૂતરડી ઉપલબ્ધ છે. આઝાદીનાં આટલા વર્ષો પછી પણ 1959ની જૂની શાળા જો માત્ર 21 વિદ્યાર્થી અને 2 પતરાવાળા રૂમમાં સીમિત રહી ગઈ હોય, તો તે શિક્ષણ તંત્રની ઉદાસીનતા દર્શાવે છે. વાલીઓ અને સ્થાનિક ગ્રામજનોની માંગ છે કે શાળામાં પાકા ઓરડાનું નિર્માણ કરવામાં આવે અને સુવિધાઓ સુધારવામાં આવે. જેથી બાળકો સુરક્ષિત અને યોગ્ય વાતાવરણમાં ગુણવત્તાસભર શિક્ષણ મેળવી શકે.

## લો લેવલ બ્રિજના સ્થાને હાઈ લેવલ પુલનું કામ મંજૂર

કંસાલીથી રતોલાને જોડતા માર્ગ પર આવેલો લો લેવલ બ્રિજ ભારે વરસાદને કારણે દર વર્ષે પાણીમાં ગરકાવ થઈ જાય છે. બ્રિજ પર પાણી ફરી વળતાં આ માર્ગ પરનો વાહનવ્યવહાર ઠપ્પ થતાં સ્થાનિક રાહદારીઓ અને શાળાએ જતાં વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ અંગે કંસાલી ગામના સરપંચ હરેન્દ્રભાઈ ગામીતે જણાવ્યું હતું કે, ચોમાસા દરમિયાન અવારનવાર સર્જાતી આ સમસ્યાના કાયમી નિકાલ માટે તંત્ર દ્વારા લો લેવલ બ્રિજના સ્થાને મોટા (હાઈ લેવલ) પુલનું નિર્માણ મંજૂર કરી દેવામાં આવ્યું છે. નવો પુલ બનવાથી ભવિષ્યમાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓની અવરજવરની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.

(માહિતી સંકલન અને તસવીર: વિનોદ મૈસુરીયા, વાંકલ)